# મોં, નાક અને ગળાનું કેન્સર

**ડૉ. ભરત જે. પરીખ, એમ.ડી.**
મેડીકલ ઓન્કોલોજી યુનિટ–૧ના વડા અને પ્રાધ્યાપક, ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટયુટ,અમદાવાદ–૩૮૦ ૦૧૬.
કલીનીક :– ૨૦૩, એચ.જે.હાઉસ, રામબાગ, મણીનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૮. મોબાઈલ:– ૯૪૨૬૩–૦૨૯૦૨

❖ **<u>કારણો:–</u>** ભારતમાં અને ખાસ કરીને પશ્ચિમ ભારતમાં તમાકુનું વ્યસન મોટા પ્રમાણમાં જોવા મળે છે. તમાકુ ચાવવી, ઘસવી,સૂંઘવી પેઢામાં દબાવી રાખવી, છીકણી ઘસવી, ધુમ્રપાન કે દારૂના વ્યસનથી મોં, નાક અને ગળાના કેન્સરનું પ્રમાણ આપણે ત્યાં વધુ છે. ગુજરાતમાં નોંધાતા બધા જ કેન્સરના ત્રીજા ભાગના કેન્સર તમાકુના કારણે થાય છે. બીજા પરિબળો પણ મોં, નાક અને ગળાનું કેન્સર કરી શકે છે જેમકે, અસ્વચ્છતા, વાંકાંચૂકા તીક્ષ્ણ દાંત, દાંતનું ચોકઠું માપસરનું ન હોવ્ું – ઘસારો હોવો, અપૂરતું પોષણ, વિટામનની ખામી, દારૂનું સેવન, મોંની અસ્વચ્છતા, હયુમન પેપીલોમા વાયરસ નો ચેપ, એસ્બેટોસ્ુ, ઝેરી વાયુ, વી–કિરણ. લાકડાનો ભૂકકો, ચામડાની બનાવટ, કાપડનાં રેસાં અને ખનિજ,નાઈટ્રોસેમાઈન્સ વગેરેથી થતાં પ્રદુષણ.

❖ **<u>ચિન્હો તથા લક્ષણો:–</u>** મોં માં સફેદ કે લાલ ચાંદું, મોં ખોલવામાં તકલીફ, અવાજ બદલાઈ જવો, મોં–ગળામાં ગાંઠ કે સોજો દેખાવો, ખોરાક ઉતારવામાં તકલીફ પડવી, મોં માંથી લોહી નીકળવું, કાન–માથામાં દુખાવો રહેવો, શ્વાસ લેવામાં તકલીફ પડવી કે ઘરેરાટી જેવો અવાજ આવવો.

❖ **<u>નિદાન જેટલું વહેલું મટવું તેટલું સહેલું</u>:–** નિયમિત મોંઢાની જાત તપાસ કરવાથી અને સમયાંતરે તબીબી પરીક્ષણ કરીને વહેલું નિદાન કરી શકાય છે. ચોખ્ખા અરીસા સામે પૂરતા પ્રકાશની મદદથી નીચલો હોઠ, ઉપલો હોઠ, ઉપલા નીચલા હોઠનો જમણો ભાગ પછી ડાબો ભાગ ખેંચીને ગાલના અંદરના ભાગમાં અને દાંતને સારી રીતે જોઈ શકાય છે. જીભ બહાર કાઢીને તે કેન્દ્રમાં છે કે બાજુમાં છે તે જુઓ, જીભની ધાર જુઓ, જીભને જમણી અને ડાબી બાજુ હલાવીને જુઓ. જો સફેદ કે લાલ ચકતું, છોલાયેલ ભાગ, ચાંદુ ભાગ કે સોજો દેખાય તો તમારા ડૉકટરની સલાહ લો.

❖ **<u>પરિક્ષણ</u>**

ડૉકટર દર્દીનું મોં ખોલાવી અંદરની ગાંઠ કે ચાંદા જોવા માટે જીભ બહારની તરફ ખેંચાવી નાના, ગોળ, ત્રાંસા અરીસાને મોં,ગળામાં અંદર મૂકી 'ઈ' બોલવાનું કહે છે જેથી ગળામાં અંદર સુધી સ્પષ્ટ જોઈ શકાય છે. ગાંઠ માલૂમ પડે તો તેમાંથી ટુકડો લઈ લેબોરેટરી તપાસ કરવામાં આવે છે.

દૂરબીનની તપાસ ધ્વારા આ રોગના ફેલાવાની ખબર પડે છે અને ગાંઠનો ટુકડો પણ લઈ શકાય છે. ગાંઠના ટુકડાની તપાસ (બાયોપ્સી) કેન્સરનો પ્રકાર નકકી થાય છે. અને કયા પ્રકારના સારવારની જરૂર છે તે ખબર પડે છે આ સિવાય લોહી પરિક્ષણ કરવામાં આવે છે. એકસ–રે, બેરિયમ, સીટી સ્કેન, એમ.આર.આઈ. , પેટ સીટી સ્કેન વગેરેની તપાસથી રોગના ફેલાવાની ખબર પડે છે.

❖ **<u>સારવાર :–</u>**

શસ્ત્રક્રિયા (ઓપરેશન) અને વી–કિરણ સારવાર (શેક)ની મદદથી શરૂઆતના તબકકાના મોં,નાક અને ગળાના કેન્સરને સંપૂર્ણપણે મટાડી શકાય છે. જયારે આગળ વધી ગયેલા કેન્સર માટે રાહતનો સમય મળી શકે છે. દવાઓની સારવાર – કિમોથેરાપી અને મોનોકલોનલ એન્ટી બોડીના ઉપયોગથી ગાંઠને નાની કરી શકાય છે. જેથી ઓપરેશન કે શેકની સારવાર શકય બને છે. શેકની સાથે સંયોજનમાં દવાઓની સારવાર દર અઠવાફિયે આપવાથી ખૂબ સારા પરિણામ મળ્યા છે.

❖ **<u>માહિતી –</u>** જાત તપાસ સુવિધા અહીયા ઉપલબ્ધ છે : કોમ્યુનીટી ઓન્કોલોજી સેન્ટર, પ્રવીણનગર

ગુપ્તાનગર પાસે, અમદાવાદ. ફોન નંબરઃ– ૨૬૬૦૮૪૪૮, કેન્સર પર કાયમી પ્રદર્શન, વ્યસન–હાનિ પ્રદર્શન, કેન્સર વિજેતાઓની માહિતી અને કેન્સર જાત તપાસ સમજ તથા કેન્સર હેલ્થ ચેક અપ સુવિધા.

❖ **<u>નિદાન સારવાર સુવિધા :–</u>** કેન્સર નિષ્ણાત તબીબ અને કેન્સર હોસ્પિટલો

અમદાવાદ ખાતે ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયુટ, એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અસારવા, અમદાવાદમાં કેન્સર નિદાન સારવારની આધુનિક સુવિધા ઉપલબ્ધ છે.